# વેપારી કાયદો

## (MERCANTILE LAW)

ટી.વાય.બી.કોમ. સેમેસ્ટર- 6

PREPARED BY PROF. H.N.DESAI

# માલ વેચાણ ધારો, - 1930

1. માલ વેચાણ ધારો, 1930: પ્રાથમિક પરિચય
2. કરાર વિષય વસ્તુ - માલ
3. શરતો અને બાંયધરી
4. માલિકીની ફેરબદલી
5. માલ વેચાણના કરારનું પાલન
6. અણચૂક્વ્યા વેચનારના હકો

# કંપની ધારો, 2013

1. પ્રારંભિક અને કંપનીના પ્રકાર
2. કંપનીની રચના
3. મેમોરેન્ડમ ઑફ એસોસિએશન કે આવેદનપત્ર
4. આર્ટિકલ્સ ઑફ એસોસિએશન કે  નિયમન પત્ર

# નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ , 1881

1. નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટનો પરિચય
2. નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટના પક્ષકારો

# માલ વેચાણ ધારો, - 1930

# I. માલ વેચાણ ધારો, 1930: પ્રાથમિક પરિચય

- **પ્રાસ્તાવિક:**
  - ✓ 1930નો માલ વેચાણ ધારો પહેલાં ભારતીય કરારધારાની કલમ 76 થી 123માં સમાયેલો હતો. હવે તે અલગ કાયદો છે.
- **કાયદાની જોગવાઈઓ:** આ કાયદામાં કુલ 66 કલમો છે.
- **વેચાણ:**
  - કલમ 4માં વેચાણનો કરાર કોને કહેવાય તેનો ઉલ્લેખ છે. માલ વેચાણનો કરાર એટલે એવો કરાર કે જેમાં વેચનાર ખરીનારને કિંમતના બદલામાં માલની માલિકીની ફેરબદલી કરે છે અથવા ફેરબદલી કરવા કબૂલ થાય છે.

# 1. માલ વેચાણ ધારો, 1930: પ્રાથમિક પરિચય

## ➢ વેચાણ સમજૂતી:

✓ જ્યારે વેચાણના કરાર હેઠળ માલની માલિકી વેચનાર પાસેથી ખરીદનાર પાસે ફેરબદલી થાય છે ત્યારે તેને વેચાણ કહેવાય છે. પરંતુ જ્યારે માલની માલિકીની ફેરબદલી ભવિષ્યના કોઈ સમયે કરવાનું કે અમુક શરતોનું પાલન થયા પછી કરવાનો કરાર હોય તો તેને વેચાણની સમજૂતી કહેવાય છે.

## ➢ ભાડાખરીદનો કરાર:

➢ ભાડાખરીદનો કરાર એવો કરાર છે જેમાં માલ વેચનાર માલની કિંમત પેટે પૂરેપૂરી રકમ હપતેથી ભરાઈ જાય ત્યારે જ ખરીદનારની તરફેણમાં માલિકીની ફેરબદલી કરે છે.

# I. માલ વેચાણ ધારો, 1930: પ્રાથમિક પરિચય

- ખરીદનાર:
  - ✓ જે માલ ખરીદ કે માલ ખરીદવાની કબૂલાત કરે તે ખરીદનાર જે માલ વેચે અથવા વેચવાની કબૂલાત આપે તે વેચનાર.
- માલની સોંપણી:
  - માલની સોંપણી કે ડિલીવરી એટલે માલના કબજાની એક વ્યક્તિ દ્વારા બીજી વ્યક્તિને સ્વૈચ્છિક સોંપણી.
  - સોંપણી બે પ્રકારની છે : 1) વાસ્તવિક કે પ્રત્યક્ષ 2) પરોક્ષ કે રચનાત્મક

# 2. કરાર વિષય વસ્તુ - માલ

## ➢ માલની વ્યાખ્યા:

✓ "માલ" એટલે વાદપ્રાપ્ય હક સિવાયની અને નાણાં સિવાયની દરેક પ્રકારની જંગમ મિલકત, તેમાં નીચેનાનો સમાવેશ થાય:

1) સ્ટૉક અને શેર
2) ઊગતો પાક
3) ઘાસ અને
4) જમીન સાથે જોડાયેલી અથવા જમીનનો ભાગ હોય એવી વસ્તુઓ, જે વેચાણ પહેલાં અથવા વેચાણના કરાર મુજબ જમીનથી છૂટી પાડવાનું કબૂલ કરવામાં આવ્યું છે.

# 2. કરાર વિષય વસ્તુ - માલ

- ભવિષ્યનો માલ:
  - ✓ " જે માલ વેચાણના કરાર વખતે અસ્તિત્વમાં ન હોય પરંતુ ભવિષ્યમાં વેચનારે ઉત્પાદન કરવાનો હોય કે પ્રાપ્ત કરવાનો હોય તો તેને ભવિષ્યનો માલ કહેવામાં આવે છે."

- હાજર માલ:
  - ✓" જે માલ વેચાણના કરાર વખતે અસ્તિત્વમાં હોય અને જે વેચનારના કબજામાં હોય અથવા તેની માલિકીનો હોય તે હાજર માલ કહેવાય"

# 2. કરાર વિષય વસ્તુ - માલ

## ➢નિશ્ચિત કે મુકરર માલ:

✓ " માલ વેચાણના કરાર વખતે જે માલ ઓળખવામાં આવ્યો હોય અને જે અંગે કબૂલાત થઈ હોય તે માલને નિશ્ચિત કે મુકરર માલ કહેવાય."

## ➢અનિશ્ચિત કે બિનમુકરર  માલ:

✓" જે માલ ઓળખીને કબૂલ કરવામાં આવ્યો ન હોય, પરંતું જેનુ6 ફક્ત વર્ણન કરવામાં આવ્યું હોય તે અનિશ્ચિત કે બિન મુકરર માલ કહેવાય"

# 3. શરતો અને બાંયધરી

## ➢શરતો અને બાંયધરીનો અર્થ:

✓ " કરારના મુખ્ય ઉદ્દેશ માટે આવશ્યક એવો પ્રબંધ શરત છે અને તેના ભંગથી કરાર ત્યાગવાનો હક ઉપસ્થિત થાય છે. કરારના મુખ્ય ઉદ્દેશ માટે આનુષંગિક પ્રબંધને બાંયધરી કે જામીનગીરી કહેવાય. તેના ભંગથી નુકસાન વળતરનો હક ઉપસ્થિત થાય છે."

# 3. શરતો અને બાંયધરી

➢ ગર્ભિત શરતો અર્થ:

✓ " જે શરતો માલ વેચાણના કાયદામાં સમાયેલી છે એમ કાયદો ગણે છે તે ગર્ભિત શરતો છે.":

1. માલની માલિકી અંગે
2. વર્ણનથી માલનું વેચાણ
3. નમૂનાથી વેચાણ
4. વર્ણન અથવા નમૂનાથી વેચાણ
5. જાત અને યોગ્યતા
6. વેપાર ધંધા માટેની યોગ્યતા
7. ખાવા માટેની યોગ્યતા
8. ધંધાની રૂઢિ દ્વારા

# 4. માલિકીની ફેરબદલી

- માલિકીની ફેરબદલી:
  - ✓ વેચાણમા કરારમાં માલની માલિકીની ફેરબદલી વેચનાર પાસેથી ખરીદનાર પાસે ક્યારે થાય તે મહ્ત્વ ની બાબત છે.
- માલિકીની ફેરબદલીના નિયમો:
  - ✓નિશ્ચિત માલની ફેરબદલી
  - ✓અનિશ્ચિત માલની ફેરબદલી
  - ✓નિકાલ કરવાનો હક અનામત રાખવો
  - ✓જાંગડ માલ

# 5. માલ વેચાણના કરારનું પાલન

- સી.આઈ.એફ.કરાર:
  - ✓ જેમાં માલની કિંમત, વીમો અને નૂરનો સમાવેશ થાય એવો કરાર તેમાં ગ્રાહકે વીમાનું પ્રીમિયમ કે નૂર અલગ ચૂકવવાનું નથી. ભરતિયામાં તેનો સમાવેશ થાય છે.
- એફ.ઓ.બી. કરાર:
  - ✓ અહીં માલ વહાણ પર ચઢાવવા સુધીનો બધો ખર્ચ વેચનારે ભોગવવનો છે. વેચનાર માલ પોતાને ખર્ચે વહાણ પર ચઢાવે એટલે માલિકી ખરીદનારની થાય છે. ખરીદનાર નુકસાન સામે માલનો વીમો ઉતરાવી શકે તેથી વેચનારે ખરીદનારને સમયસર સૂચના આપવી પડે, નહિ તો માલ વેચનારને જોખમે.

# 6. અણચૂક્વ્યા વેચનારના હકો

## ➢અણચૂકવ્યો વેચનારનો અર્થ:

- ✓ કાયદાની કલમ 45માં આપેલે વ્યાખ્યા મુજબ, "કાયદાના અર્થ પૂરતું માલનો વેચનાર "અણચૂક્વ્યો વેચનાર"ત્યારે ગણાય,
- ✓(અ) જ્યારે પૂરી કિંમત અપાઈ ન હો કે ચૂકવવાની દરખાસ્ત ન હોય.
- ✓(બ) શરતી ચૂકવણી તરીકે હૂંડી(વિનિમયપત્ર) કે બીજું નેગોશિયેબલ ઈંસ્ટ્રુમેન્ટ મળ્યું હોય પરંતુ તે નકારવાને કારણે કે અન્ય રીતે તે શરતોનું પાલન થયું ન હોય."

# 6. અણચૂક્વ્યા વેચનારના હકો

- અણચૂકવ્યો વેચનારના માલ સામેના હકો:
- જ્યારે માલની માલિકી ખરીદનારને મળી ગઈ હોય ત્યારે:
  - લિયનનો અધિકાર
  - વહનમાર્ગમાં માલ અટકાવવાનો અધિકાર
  - માલ ફરી વેચવાનો અધિકાર
- જ્યારે માલની માલિકી ખરીદનારને મળી ન હોય ત્યારે:
  - માલની ડિલિવરી અટકાવવાનો અધિકાર
  - અન્ય અધિકારો

# કંપની ધારો - 2013

# 1. પ્રારંભિક અને કંપનીનાપ્રકાર

➢ કંપનીની વ્યાખ્યા:

- "કંપની એટલે આ કાયદા અથવા અગાઉના કાયદા હેઠળ સંસ્થાપિત થયેલ કંપની."
- કંપનીના વિશિષ્ટ લક્ષણો:
- અલગ અસ્તિત્વ
- સામાન્ય મહોર
- કાયમી અસ્તિત્વ
- સભ્યોની જવાબદારી મર્યાદિત
- શેરની ફેરબદલી સરળ
- મૂડી ઊભી કરી શકે.
- પ્રતિનિધિઓ દ્વાર સંચાલન
- કંપનીધારા દ્વારા નિયમન
- કાયદા દ્વારા અંત

# 1. પ્રારંભિક અને કંપનીનાપ્રકાર

- કંપનીના પ્રકાર:
- (અ) સભ્યોની જવાબદારીને અનુલક્ષીને

1) શેર દ્વારા મર્યાદિત
2) ગેરંટી દ્વારા મર્યાદિત
3) અમર્યાદિત

- (બ) સભ્યોની સંખ્યાની દષ્ટિએ:

1) જાહેર કંપની
2) ખાનગી કંપની
3) એક વ્યક્તિની કંપની

# 2. કંપનીની રચના

- કંપનીની સ્થાપના:
  - ✓ કંપનીની સ્થાપના માટે તેની નોંધણી રજિસ્ટ્રાર પાસે કરાવવી પડે છે.
- કંપનીની સ્થાપનાના તબક્કાઓ:
  - ✓ સ્થાપનાની પૂર્વતૈયારી
  - ✓ નોંધણી
  - ✓ ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર મેળવવું

# 3. મેમોરેંડમ ઓફ એસોસિયેશન કે આવેદનપત્ર

## ➢આવેદનપત્રનો અર્થ:

✓ કંપનીધારાની કલમ 2(56) મુજબ, " આવેદન પત્ર એટલે 2013ના કંપનીધારા મુજબ કે અગાઉના કોઈ પણ કંપનીધારા મુજબ મૂળથી જ ઘડાયેલું અથવા તેમાં વખતોવખત ફેરફાર કર્યા મુજબનું આવેદનપત્ર"

## ➢આવેદનપત્રની કલમો:

1) નામની કલમ
2) રજિસ્ટર્ડ ઓફિસની કલમ
3) ધ્યેયની કલમ
4) જવાબદારી અંગેની કલમ
5) શેરમૂડીની કલમ
6) મંડળીની કે સ્થાપનાની કલમ

# 4.આર્ટિકલ્સ ઓફ એસોસિયેશન કે નિયમનપત્ર

## ➢આવેદનપત્રનો અર્થ:

✓ કંપનીધારાની કલમ 2(5) મુજબ, "નિયમનપત્ર એટલે શરૂઆતથી ઘડવામાં આવેલ અથવા વખતોવખત સુધારવામાં આવેલ અથવા અગાઉના કોઈ પણ કંપનીધારા અથવા આ કાયદા દ્વારા લાગુ કરવામાં આવેલ નિયમન પત્ર"

## ➢નિયમનપત્રની વિગતો:

1) ત્રણ નિયંત્રણો
2) ટેબલ"એફ"
3) શેર અને શેરમૂડી વિશેના નિયમો
4) સંચાલક વર્ગને લગતા નિયમો
5) સભાને લગતા નિયમો
6) અન્ય બાબતો

# ગોશિયેબલ ઈંસ્ટ્રુમેન્ટ એક્ટ- 188

# 1.નેગોશિયેબલ ઈંસ્ટ્રુમેન્ટનો પરિચય

## ➢નેગોશિયેબલ ઈંસ્ટ્રુમેન્ટનો અર્થ:

➢ નેગોશિયેબલ ઈંસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 13 મુજબ ," નેગોશિયેબલ ઈંસ્ટ્રુમેન્ટ એટલે વચન ચિઠ્ઠી, વિનિમયપત્ર કે ચેક જે ઓર્ડર કે બેરરને ચૂકવવાપાત્ર હોય "

## ➢નેગોશિયેબલ ઈંસ્ટ્રુમેન્ટના લક્ષણો:

1) સરળ ફેરબદલી
2) હોલ્ડર પોતાના નામે દાવો કરી શકે
3) યથાનુક્રમે ધારણ કરનારને સારો માલિકી હક
4) કેટલીક ધારણાઓ પર આધારિત

# 1.નેગોશિયેબલ ઈંસ્ટ્રુમેન્ટનો પરિચય

- નેગોશિયેબલ ઈંસ્ટ્રુમેન્ટના સાધનો:
- વચન ચિઠ્ઠી
- વિનિમયપત્ર
- ચેક

# 1.નેગોશિયેબલ ઈંસ્ટ્રુમેન્ટના પક્ષકારો

- નેગોશિયેબલ ઈંસ્ટ્રુમેન્ટના પક્ષકારો:
  - ✓ બનાવનાર
  - ✓ લખનાર
  - ✓ ડ્રોઈ
  - ✓ પેઈ
  - ✓ સ્વીકારનાર
  - ✓ શેરો કરનાર અને શેરો મેળવનાર